પીપળાની નીચે સૂતેલા કૃષ્ણની આંખો બંધ હતી છતાં ભાતભાતનાં દૃશ્યો એમની આંખો સામે આવીને નીકળી જતાં હતાં.

દ્વારિકાનો એ મહાલય, કુરુક્ષેત્રનું યુદ્ધ, દ્રૌપદીસ્વયંવર, રુક્મિણીનું હરણ અને પ્રભાસક્ષેત્ર તરફ નીકળ્યા ત્યારે જોયેલી સત્યભામાની આંખો...

ક્યારેક આગળ તો ક્યારેક પાછળ, સમયને વળોટીને વ્યક્તિઓ અને દૃશ્યો એમના સ્મૃતિપટ ઉપર આવતાં હતાં અને વિલીન થઈ જતાં હતાં.

જાણે શેષનાગે પોતાની ફેણ ફેલાવી હોય એમ પીપળાનું વૃક્ષ એમના માથા પર છાંયો કરી રહ્યું હતું. સામે હિરણ્ય, કપિલા અને સરસ્વતી નદીઓ ત્રણ દિશાઓમાંથી કલકલ કરતી વહી આવતી હતી. આ ત્રિવેણીસંગમની એ પવિત્ર ભૂમિ હતી જે સોમનાથના મંદિરની નિકટ હતી. પ્રભાસક્ષેત્ર તરીકે ઓળખાતા એ સ્થળમાં કલા અને સાહિત્યનું ખૂબ સન્માન થતું હતું.

હજી તો થોડા સમય પહેલાં જ, સોમનાથના મંદિરને શ્રીકૃષ્ણે જીર્ણોદ્ધાર કરીને સોના-ચાંદીથી મઢાવ્યું હતું. યાદવોએ હજી થોડી જ વાર પહેલાં સોમનાથના એ મંદિરમાં પૂજન-અર્ચન કર્યાં હતાં.

અને, આ ક્ષણે શ્રીકૃષ્ણ આંખો મીંચીને જાણે વીતી ગયેલી એક એક પળને વાગોળતા પીપળા નીચે બેઠા હતા.

પારાવાર પીડા એમના આખા શરીરમાંથી લખલખાની જેમ પસાર થતી હતી. હજ્જારો વીંછી એકસામટા ડંખતા હોય એવી કાળી બળતરા એમના શરીરને વીંટળાઈ વળી હતી.

સામે જરા હાથ જોડીને બેઠો હતો.

પગમાં વાગેલા તીરના ઘામાંથી ટપકતા રક્તને કારણે જાણે પગ પાસે રક્તનું નાનકડું વર્તુળ રચાઈ ગયું હતું.

પ્રભાસક્ષેત્રના જંગલમાંથી ત્રિવેણીસંગમ સુધી આવતાં આવતાં તો કૃષ્ણને જાણે સદીઓ લાગી હતી.

માતા ગાંધારીનો શાપ...
દુર્વાસાનો શાપ...
વિફળ નહોતા જ થવાના!

એક પછી એક એમના ભાઈઓ, કાકાઓ, ભત્રીજાઓ, પુત્રો અને પૌત્રો, મિત્રો અને સ્નેહીઓ ભગવાન મહાકાળના ખપ્પરમાં હોમાઈ જવાના હતા. અને, અંતે પોતે પણ એ જ દિશામાં પ્રયાણ કરવાના હતા.

સર્વ કંઈ જાણવા છતાં કૃષ્ણ અસહાય બની આખીય પરિસ્થિતિ માત્ર સાક્ષીભાવે જોતા રહ્યા હતા. છેક આ પળ સુધી. એમના મનોમસ્તિષ્કમાં હજીયે યાદવોની મરણચીસો પડઘાતી હતી.

'એકબીજાને એઠાં વાસણો મારીને, બચકાં ભરીને, એકબીજાને પશુઓની જેમ મૃત્યુના

મુખમાં ધકેલી રહેલા યાદવોને પોતાની દૃષ્ટિ સામે નિહાળવાનું દુર્ભાગ્ય પોતાને શા માટે મળ્યું હતું.' કૃષ્ણ વિચારી રહ્યા હતા.

કુરુક્ષેત્રના યુદ્ધમાં શસ્ત્ર નહીં ઉઠાવીને કૃષ્ણે પોતે સંહાર નહોતો કર્યો એ સત્ય, પરંતુ આ આખાય યુદ્ધની સાથે સાથે એમણે જોયેલો રક્તપાત અને વિનાશ એમને આ પળે પણ સંતાપી રહ્યો હતો. 'શું અર્જુનનું કથન સત્ય હતું? ભાઈ-ભાંડુ, કાકા-ભત્રીજાને મારીને મેળવેલું રાજ્ય વ્યર્થ હતું? જો એમ નહોતું તો પાંડવો સહિત કેમ કોઈ સુખની નિદ્રા નહોતું લઈ શક્યું, કુરુક્ષેત્રના યુદ્ધ પછી? ધર્મનો જય તો થયો હતો કદાચ... પણ શું અધર્મ સાચે જ નાશ પામ્યો હતો?' કૃષ્ણના મનમાં નદીના ઉપરતળે થતા પ્રવાહની જેમ ભાતભાતના વિચારો ચાલી રહ્યા હતા.

શા માટે આવતા હતા આ વિચારો? શા માટે મન શાંત નહોતું થઈ શકતું?

"શું અંતિમ પ્રયાણની ઘડીઓ આવી જ હોય?" કૃષ્ણને એક બીજો વિચાર આવી ગયો. કેટકેટલા શબ્દો, કેટકેટલી ક્ષણો, કેટકેટલી આંખો અને એ આંખોમાં ડૂબતા-ઊભરાતા કેટકેટલા ભાવો કૃષ્ણને એક પળ પણ વિચારહીન નહોતા થવા દેતા.

ધ્યાનસ્થ થવાનો પ્રયાસ કરતા કૃષ્ણને વારંવાર પોતાનું ધ્યાન વિચલિત થતું લાગતું. એમને ધ્યાનસ્થ થઈને સમાધિમાં ચાલી જવું હતું. જગતનિયંતા પરમબ્રહ્મની સાથે પોતાના આત્માને જોડીને પ્રયાણ સરળ-સાધ્ય બનાવવું હતું, પરંતુ એક એક વિચાર આવતો અને એમને નખશિખ વિચલિત કરીને ચાલી જતો. હજી તો એ વિચાર પૂરેપૂરો મનમાંથી બહાર પણ ન નીકળ્યો હોય ત્યાં બીજો વિચાર ધસી આવતો અને કૃષ્ણ છિન્ન-ભિન્ન થઈ જતા.

સતત સાધુત્વ, સમાધિ અને સ્વીકારમાં જીવેલો આ આત્મા કેમ આટલો વિચલિત હતો આજે? શું પીડી રહ્યું હતું એને?

જેને એના સમયે સ્વયં ઈશ્વર કહીને સન્માન્યો – પૂર્ણપુરુષોત્તમ તરીકે ઓળખાવ્યો એ પોતે જ આજે પોતાના પૂર્ણત્વને પામવા સંઘર્ષ કરી રહ્યો હતો.

કેમ બચાવી શકે સ્વયં કૃષ્ણ પણ એમને પોતાને?

સ્વયં ઈશ્વર પણ જ્યારે મનુષ્યાવતારે જન્મે છે ત્યારે પોતે જ લખેલા પોતાના જ ભાવિ સામે કેટલો લાચાર, કેટલો અસહાય હોય છે! તો બિચારા માનવીનું શું ગજું?

યાદવાસ્થળી હજી હમણાં જ પૂરી થઈ હતી.

ભાઈઓ, બંધુઓ, પુત્રો અને પ્રપૌત્રોનાં ક્ષત-વિક્ષત શબો હજીયે પ્રભાસક્ષેત્રના જંગલમાં સમેટાઈ રહ્યાં હતાં.

થોડે દૂર હિરણ્ય, કપિલા અને સરસ્વતીના સંગમ પાસે સૂરજ ઊગવાની તૈયારી હતી. આકાશમાં રક્ત વર્ણ છવાઈ ગયો હતો. ઠંડો પવન ફરફર કરતો વાતો હતો. પીપળાનાં પાન વહેતા પવન સાથે જાણે દસેય દિશાઓમાં શ્રીકૃષ્ણની પીડાનો સંદેશ મોકલાવી રહ્યાં હતાં. પીગળતો અંધકાર અને રાતુંચોળ આકાશ જાણે એક ભડભડતી ચિતા હોય એમ આકાશમાં જ્વાળાઓનો આકાર રચી રહ્યાં હતાં.

હજ્જારો બ્રાહ્મણો વેદગાન કરતા હોય એમ ચારે દિશામાં ગુંજી રહ્યું હતું...

*"મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।*
*મનઃષષ્ઠાનીંદ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥"*

*મારો જ સનાતન અંશ આ મૃત્યુલોકમાં જીવ બનીને પ્રકૃતિમાં રહેલી પાંચ ઇંદ્રિયો*
*તથા છઠ્ઠું મન પોતાનામાં ખેંચી લે છે.*

મૃત્યુમય જીવન કે જીવનથી ભરપૂર મૃત્યુ...

આ બેની વચ્ચે અટવાતા જીવોને જે કદીયે નહોતું સમજાયું, એવું 'સત્ય' સ્વયં આજે સનાતનને સચ્ચિદાનંદમાં ભળી જતો જોઈને આકળવિકળ હતું. જે સનાતન આત્માએ પોતાનું અવિનાશીપણું અને પોતાનું અનાદિ અનંત અસ્તિત્વ મહાસંહારની વચ્ચે વિશ્વને સમજાવ્યું હતું આજે એ સનાતન, પોતાનો જ અંશ જે મૃત્યુલોકમાં જીવ બનીને આવ્યો હતો એને પોતાની તરફ બોલાવી રહ્યા હતા ત્યારે કોણ જાણે કેમ કૃષ્ણને દ્રૌપદીનું કહેલું સ્મરણમાં આવી ગયું :

त्वदियं वस्तु गोविन्द तुभ्यमेव समर्पये।

કૃષ્ણ બંધ આંખે જાણે એક વાર જીવેલું જીવન ફરી જીવી રહ્યા હતા! હજીયે એમને સમજાયું નહોતું કે એવું કેમ કહ્યું હતું દ્રૌપદીએ?

એ દિવસે દ્વારિકાથી હસ્તિનાપુર જતી વખતે દ્રૌપદીએ અચાનક જ આવી વાત કહી હતી –

... ગળું ભરાઈ આવ્યું હતું એનું. પણ અવાજ સ્થિર હતો. આંખો કોરી હતી છતાં શબ્દોની ભીનાશ અનુભવી શક્યા હતા કૃષ્ણ!

"તમે જ કહ્યું હતું ને? સંશયાત્મા વિનશ્યતિ! ... સાચું છે સખા, જ્ઞાન પ્રશ્નો ઊભા કરે છે. સમગ્ર જીવન એક પ્રશ્નાવલિની જેમ જીવી ગઈ હું, અને પ્રત્યેક પ્રશ્ન પ્રત્યંચાની જેમ મને જ તાણતો રહ્યો. મારા પ્રશ્નો વેદનાનાં સણસણતાં બાણ બનીને મારા જ પ્રિયજનોને વાગતાં રહ્યાં... રક્તરંજિત કરતાં રહ્યાં... મારો સંશય, મારા પ્રશ્નો મારા જ આત્માને વિનાશ તરફ લઈ ગયા... મારા જ પ્રિયજનોને પીડા આપતા રહ્યા... હવે મને મુક્ત કરો. સંશયમાંથી, પ્રશ્નોમાંથી, પીડામાંથી."

કૃષ્ણના મનમાં આજે કેટલીય વાતો સમુદ્રની લહેરોની જેમ ઊઠતી હતી, મનના ખૂણે ખૂણે પછડાઈને ફીણ ફીણ થઈને વીખરાઈ જતી હતી. પરંતુ, આજે શા માટે એ વાત સ્મરણમાં આવે છે? અહીં... આ પરિસ્થિતિમાં? મુક્ત થવાની પળે – બંધનો કેમ સ્મરણ બનીને આવતાં હતાં?

દ્રૌપદી પોતાની પાસે મુક્તિ માગવા આવી ત્યારે પોતેય ક્યાં મુક્ત હતા?

હજી તો કેટલાય પ્રશ્નોના ઉત્તરો આપવાના હતા... એક પછી એક સૌ પોતાના અધિકાર માગવાના હતા, સૌ એમને બાંધવાના હતા. સૌ પાસે એમણે મુક્તિ માગવાની હતી.

કે પછી, સૌને મુક્તિ અર્પીને સ્વયંને મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી હતી?

"પશુના મોતે મરીશ, સાવ એકલો, અસહાય અને પીડિત!" માતા ગાંધારીએ કુરુક્ષેત્રના યુદ્ધ પછી એમને મળવા ગયેલા કૃષ્ણને કહ્યું હતું.

હૃદય વલોવી નાખે એવી પીડા હતી એ અવાજમાં.

કોણ જાણે કેમ કૃષ્ણને એ અવાજ ગોકુળથી નીકળતી વખતે સાંભળેલા યશોદાના અવાજમાં ભળી જતો લાગ્યો હતો! "પુત્રવિયોગની પીડા એકસરખી જ હશે. કોઈ પણ યુગમાં, કોઈ પણ માને?!"

ગાંધારીએ કહ્યું હતું, "નવ્વાણુ પુત્રોને ખોયા છે મેં. દુર્યોધનની જાંઘમાંથી નીતરતું રક્ત આજે પણ મારા પગ પલાળે છે... થાકી જાઉં છું મારાં ચરણ ધોવડાવી ધોવડાવીને... દુઃશાસનનો ધડમાંથી છૂટો પડેલો હાથ ક્યારેક અડધી રાત્રે બોલાવે છે મને. કૃષ્ણ, તમે ઠીક નથી કર્યું!"

બધું જાણ્યા છતાં, કુંતીએ પણ કૃષ્ણને જ કારણભૂત ગણ્યા હતા, "કૃષ્ણ, મારા પુત્રોનો ભલે વિજય થયો, પણ હસ્તિનાપુરની કેટલીયે માતાઓને પુત્રવિહીન કરી છે તેં. કેટલાંય કુટુંબો નિર્વંશ થઈ ગયાં છે. આવા સમયે મને વિજયોત્સવ ઊજવવો યોગ્ય નથી લાગતો. બહેન ગાંધારીની પીડા તને ક્યારેય નહીં સમજાય કૃષ્ણ, કારણ કે તું મા નથી!"

ગાંધારીની પીડા નહોતા સમજતા કૃષ્ણ એવું નહોતું, પણ આ તો નિર્મિત હતું.

જેને માટે અહીં સુધી આવવાનું કષ્ટ કર્યું હતું કૃષ્ણે, એ કાર્ય કર્યા વિના પાછા કેમ ફરી શકે? એ જાણતા જ હતા કે આવા ભયાનક નરસંહારના સાક્ષી બનવાનું છે એમણે.

પોતાનાંઓના લોહી નીંગળતા મૃતદેહો અને એમના અંતિમ શ્વાસ ગણવા માટે જીવવાનું છે પોતે! અને તેમ છતાં, ખૂબ સ્થિતપ્રજ્ઞ રહીને પરિસ્થિતિની સામે આંખોમાં આંખો નાંખીને જોયું હતું એમણે, હિંમતભેર.

'...અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનમ્ સૃજામ્યહમ્'નું વચન કેમ વિફળ થઈ શકે?

પરંતુ, મનુષ્યાવતારે જન્મેલા ઈશ્વરે દેહધર્મ પાળવો પડતો હોય છે. દેહની સાથે જોડાયેલી તમામ લાગણીઓ, પ્રેમ, મોહ-માયા અને સંબંધોનાં બંધનો દેહને બાંધે છે એટલે દેહમાં પુરાયેલું મન પણ બંધાય છે. મન મનુષ્યથી પર નથી. એટલે સૌએ જ મનુષ્યાવતારે જન્મેલા મનની પીડાઓ ભોગવવી પડતી હોય છે.

એથી, આજે પોતાના જ ભાઈઓની, મિત્રોની, ભત્રીજાઓ, પૌત્રો અને પ્રપૌત્રોની એકબીજાના હાથે થયેલી દુર્દશા જોઈને કૃષ્ણ વ્યથિત હતા. ત્યારે એમની સ્મૃતિમાં ઊભરાઈ આવ્યું દ્રૌપદીનું એ વાક્ય,

त्वदियं वस्तु गोविन्द तुभ्यमेव समर्पये।

**એ** દિવસે હસ્તિનાપુર જતી વખતે દ્રૌપદીએ અચાનક જ આવી વાત કહી હતી :

"હવે આ જ્ઞાનના ભાર સાથે નહીં જઈ શકાય મારાથી. ક્યાં જઈ રહી છું, એ નથી જાણતી. સાચું પૂછો તો હું જઈ રહી છું કે નહીં એ પણ નથી જાણતી. છતાં તમારું આપેલું બધું જ તમને સમર્પીને ઋણમુક્ત થવા માગું છું!"

કઈ મુક્તિની વાત હતી, એ?
કૃષ્ણ અને દ્રૌપદી બંને સમજતાં હતાં.
બંધનનો અર્થ... મુક્તિની ઝંખના...

નિર્વાણની દિશામાંથી આવતો એ અવાજ બંનેને સંભળાવા લાગ્યો હતો.

હવે સમય આવી લાગ્યો હતો! કઈ પળે, ક્યારે અને કોણ, એ કદાચ નિશ્ચિત ન હોય તો પણ નિર્મિત હતું. એ ક્ષણ પ્રતિ પળે નિકટ આવી રહી હતી.

...અને, એ પળ માટે બંને જણાં મનોમન એકબીજાંને તૈયાર કરી રહ્યાં હતાં.

"મારા મનમાં કેટલાય સમયથી ચાલી રહેલો સંવાદ દ્રૌપદી સુધી પહોંચી ગયો હતો?" કૃષ્ણના મનમાં એક ન સમજી શકાય એવી લાગણી ઉદ્‌ભવી હતી. પોતે સામાન્યતઃ બધાને સમજી લેતા. વ્યક્તિને, વ્યક્તિના મનમાં ચાલતી વાતને પામી લેવી, જાણી લેવી – કુશળતા હતી એમની!

"એટલું બધું તાદાત્મ્ય હતું એનું મારી સાથે, કે મારામાં સાવ ઊંડે... ગોપિત રાખેલી વાત પણ એના સુધી પહોંચી ગઈ હતી? કે પછી, એણે નિશ્ચય કર્યો હતો મને મુક્ત કરીને, પોતે મુક્ત થવાનો. જ્યાં સુધી એ મને મુક્ત ન કરે ત્યાં સુધી મારામાં બંધાયેલું એનું મન મુક્ત નહોતું થવાનું, એ વાત શું જાણતી હશે દ્રૌપદી? કૃષ્ણ પોતાને જ પૂછી રહ્યા હતા.

"આમેય સ્ત્રીઓને પોતાના મનની સમજ થોડી વધુ જ હોય છે. પુરુષો મન અને મસ્તિષ્ક વચ્ચે અંતર નથી સમજી શકતા. આવું પણ દ્રૌપદીએ જ કહ્યું હતું ને!

"મન નામની કોઈ વસ્તુ ખરેખર ક્યાં છે જ સખા? શરીરના કયા ભાગમાં, કેવા રંગની, કેવા આકારની છે એ વસ્તુ, કહી શકો છો? અને છતાં, આટલા મોટા શરીર પર, આપણા ભૂતકાળ પર, આપણા વર્તમાન પર અને આપણા ભવિષ્ય પર સુધ્ધાં એ મન રાજ્ય કરે છે. ... અમને સ્ત્રીઓને મન સાથે મિત્રતા હોય છે. કેટલી બધી વાતો અમે મનમાં સંતાડી રાખીએ અને મનની વાતો તમારા કરતાં વધુ સરળતાથી સમજી પણ શકીએ. અને છતાં, અમને અમારું મન નચાવે એમ નાચીએ. અમારું મન અમારા શરીરને નકામું કરી નાખે અથવા અમારું મન જ શરીર પાસે ધાર્યું કરાવે. તમે પુરુષો મસ્તિષ્કથી વર્તો છો. દરેક પરિસ્થિતિને ત્રાજવામાં લઈને માપો, તોળો છો અને પછી, મસ્તિષ્ક કહે એ પ્રમાણે વર્તો છો. પુરુષનું મસ્તિષ્ક અને સ્ત્રીનું મન ક્યારેય એક દિશામાં વિચારી નથી શકતાં. ને પ્રશ્નો ત્યાંથી જ સર્જાય છે, સખા!"

"પરંતુ તમારા મનમાં તો જાત જાતના ને ભાત ભાતના વિચારો હોય છે. છૂટા પાડીને સાવ ભિન્ન-ભિન્ન રીતે કેમ સંભાળી શકો છો એને?"

"સખા, એક માને પાંચ પુત્રો હોય અને ને પાંચેય ભિન્ન હોય, મા નથી સંભાળતી સૌને? સૌનાં વર્તન જુદાં, વાણી જુદી, સ્વાદ જુદા, સ્નેહની અપેક્ષા જુદી ને સ્નેહની અભિવ્યક્તિય જુદી, ને છતાંય મા સૌને સમજે, સૌને સંભાળે. બસ એમ જ, હું મારા મનના વિચારોને સંભાળી શકું છું; જો કે બધી સ્ત્રીઓ માટે આ શક્ય નથી પણ હોતું. સૂતરના તાંતણા લપેટતાં જેમ દોરા એકમેકમાં ગૂંચવાય એમ વિચારો પણ ગૂંચવાઈ શકે ક્યારેક."

"હા સખી, તમને મેં સતત સંયત અને સ્પષ્ટતાથી વર્તતાં જોયાં છે. સમતોલ નહીં કહું, કારણ કે સંતુલન ખોતાં જોયાં છે મેં તમને. પણ તમારી સ્પષ્ટતા સતત તમારાં વાણી-વર્તન અને વિચારને એકસૂત્રમાં બાંધતી રહી છે. આવું કઈ રીતે કરી શકો છો, સખી?"

"કઈ રીતે એ નથી જાણતી. પણ હા, જો તમે કહો છો એવું તમે જોતાં હો તો હું એ જ દિશામાં હોઉં છું, એ હું ચોક્કસ કહીશ."

"સખી, ક્યારેક હું આશ્ચર્યચકિત થઈ જાઉં છું. પાંચ પતિઓની સાથે સાવ ભિન્ન રીતે વર્તતી તમારામાં રહેલી પાંચ સ્ત્રીઓને જોઈને."

"એ પાંચેય સ્ત્રીઓ આજે એક થઈને સમર્પિત થાય છે. એક એવા પુરુષને જે મારા માટે સૌથી ઊંચા, સૌથી અનન્ય સ્થાને છે. એ મિત્ર છે, બંધુ છે, સખા છે અને..."

"અને શું સખી?"

"અને..." સહેજ અચકાઈને ઉમેર્યું હતું દ્રૌપદીએ, "અને મારું સર્વસ્વ, મારું સન્માન, મારું સ્વત્વ અને મારું સ્ત્રીત્વ, જ્યાં આવીને શબ્દહીન થઈ જાય છે, એ સ્થાને ઊભેલા પુરુષનાં ચરણમાં હું આજે એણે આપેલું બધું જ પાછું સમર્પિત કરું છું. એણે નહીં આપેલું પણ એને જ પાછું આપું છું."

દ્રૌપદીની આંખો જાણે શું આપીને ખાલી થઈ હતી? આજ સુધી જીવનથી ભરપૂર એ બે આંખો આ ક્ષણે જીવનથી વિમુખ થઈ જાણે સાધુત્વની કક્ષાએ નિઃસ્પૃહ થઈને કૃષ્ણને જોઈ રહી હતી. સતત અગ્નિની કેસરી જ્વાળાઓમાં લપેટાયેલી એ બે આંખો આજે ભગવા રંગની થઈને શાંત, સંયત દૃષ્ટિએ કૃષ્ણ સામે જોઈ રહી હતી.

વિદાયની કઈ પળ હતી આ?
કોણ જઈ રહ્યું હતું? કોનાથી દૂર?
શું દ્રૌપદીને પોતાનું જીવનકાર્ય સમાપ્ત થતું લાગ્યું હતું?

"અને એટલે આવી હતી મારી પાસે, મુક્તિ માગવા... માંગીને આપવા!" અને એટલે જ કહ્યું હતું એણે, "त्वदियं वस्तु गोविन्द तुभ्यमेव समर्पये।"

દ્રૌપદી અને પાંચેય ભાઈઓ જ્યારે દ્વારિકા આવ્યા, ત્યારે કોઈ નહોતું જાણતું કે હવે પછી દ્વારિકા આવવાનું થશે, પણ કૃષ્ણ વગરની દ્વારિકામાં!

...પાછા ફરતી વખતે દ્રૌપદી વહેલી સવારે કૃષ્ણના કક્ષમાં આવી હતી. આમ તો વહેલી સવારે કૃષ્ણના કક્ષમાં એમની રાણીઓ કે બલરામ પણ જતાં સહેજ ખચકાતાં. કૃષ્ણની પૂજા અને ધ્યાનનો સમય હતો આ. સવારના સમયે એ એકાંત ઇચ્છતા, પરંતુ દ્રૌપદીને જાણે આજે ગયા વગર ચાલે એમ નહોતું. એને જે કહેવું હતું, એ બધાની સામે કહી શકાય એમ નહોતું. કૃષ્ણ એક વાર પોતાની પૂજા અને ધ્યાન પરવારીને જો રાજ્યસભામાં ચાલી જાય તો એમની સાથે એકાંત મળવું અસંભવ હતું, દ્રૌપદી જાણતી હતી આ... અને એટલે જ, એણે આજે પ્રાતઃકાળે સ્નાનાદિથી પરવારીને કૃષ્ણના કક્ષમાં જવાનું નક્કી કર્યું હતું.

હમણાં જ પૂજામાંથી ઊઠેલા કૃષ્ણના ચહેરા પર અદ્વિતીય તેજ હતું. કપાળમાં ચંદનની અર્ચા કરી હતી. ઉત્તરીય વગરનું એમનું શરીર જાણે આરસપહાણમાં કંડાર્યું હોય એટલું સુંદર અને સુદૃઢ હતું. સિંહ જેવી કટિ, વિશાળ ખભા અને પહોળી છાતી. છાતી પર અલંકારો વગર માત્ર એક જનોઈ. મોરમુગટ વગરનું મસ્તક, તાજા ધોયેલા કાળા ચમકતા વાળ, કાન પાસે સહેજ સફેદી... અને આંખોમાં વિશ્વભરની કરુણા અને વાત્સલ્ય!

દ્રૌપદી એક ક્ષણ જોઈ રહી એમની સામે. “આ જ ઈશ્વરનું મનુષ્યસ્વરૂપ હશે?!”

દ્રૌપદીને જોઈને કૃષ્ણને જરાય આશ્ચર્ય ન થયું, હાથમાં આરતીની થાળી પકડીને ઊભેલા કૃષ્ણે સુંદર સ્મિતથી દ્રૌપદીનું સ્વાગત કર્યું.

“પધારો યાજ્ઞસેની... પૂજાના સમયે સાક્ષાત્ દેવીનું આગમન શુભનો સંકેત કરે છે.”

“સખા...” દ્રૌપદી કશું બોલી શકી નહીં.

કૃષ્ણે આસન આગળ કર્યું, “બિરાજો!”

સારી એવી ક્ષણો એક પણ અક્ષર બોલ્યા વિના સાવ મૌન રહીને એ કૃષ્ણની સામે બેસી રહી.

સદ્યસ્નાતા દ્રૌપદી સૌમ્ય લાગતી હતી. એના છૂટા વાળમાંથી હજીયે પાણીનાં બિંદુ ઝળકી જતાં હતાં. મલાઈ અથવા એવો કોઈ સ્નિગ્ધ પદાર્થ લગાડીને સ્નાન કર્યું હશે કદાચ, એટલે કપાળ પર અને નાક પર ત્વચા તગતગતી હતી.

પ્રૌઢા બનેલી દ્રૌપદીનો બાંધો અને શરીર આજે પણ કોઈ કુંવારી યુવતીને શરમાવે એટલાં સુડોળ અને આકર્ષક હતાં. આછા ભૂરા રંગની કંચુકી અને એ જ રંગનું રેશમી ઉત્તરીય પહેરેલી દ્રૌપદીના ચહેરા પર આખીયે રાતનો ઉજાગરો ચાડી ખાતો હતો.

બે-ત્રણ વાર બોલવાનો પ્રયત્ન કરીને એ અટકી ગઈ.

વાત ક્યાંથી શરૂ કરવી, એ ન સમજાતું હોય એમ કૃષ્ણના ચહેરા સામે, પોતાની હથેળી સામે, ઝરૂખામાંથી દેખાતા ખુલ્લા આકાશ સામે અને ઓરડાની છત સામે ખાલી દૃષ્ટિ ફેરવતી રહી. પોતાના ઉત્તરીયને આંગળી સાથે લપેટીને છોડતી હતી અને ફરી લપેટતાં જાણે વાત લપેટી લેતી હતી!

એ કશુંક ગોઠવતી હતી મનોમન – શબ્દો કે સંવેદના!

"કંઈ કહેવું છે, સખી?" કૃષ્ણે પૂછ્યું હતું, "કોઈ મૂંઝવણ છે?"

"કંઈ કહેવું છે પણ કઈ રીતે કહું, એ નથી સમજાતું."

"શરૂ કરો. આપોઆપ કહેવાતું જશે." કૃષ્ણે કહ્યું.

"ખરી વાત છે સખા... તમારી સામે કદીયે શબ્દ શોધવાની મૂંઝવણ નથી થઈ મને. મારા મનની વાત વગર કહ્યે જ, વગર શબ્દે જ તમારા સુધી પહોંચતી રહી છે. પણ આજે..."

"કહો, નિઃસંકોચ કહો."

"તમારી સામે વળી સંકોચ કેવો સખા, પરંતુ તમને આ વાત કહ્યા પછી મારી પાસે મારું શું રહેશે, એ વિચારે અચકાઈ જાઉં છું."

"હું આખેઆખો તમારી પાસે, તમારી સાથે જ છું ને. પછી મને કોઈ વાત કહેવાથી તમારી પાસેથી કંઈ ચાલ્યા જવાનો પ્રશ્ન જ ક્યાં ઉદ્ભવે છે?"

"બસ! આ જ વાત કહેવી છે સખા..." દ્રૌપદીએ કહ્યું, કૃષ્ણની આંખોમાં આંખો પરોવીને.

આટલાં વરસોમાં પહેલી વાર કૃષ્ણને દ્રૌપદીની આંખોમાંથી કશુંક અજાણ્યું, અપાર્થિવ, ધોધમાર-મુશળધાર વરસતું લાગ્યું. દ્રૌપદીની આવી આંખો કૃષ્ણે પહેલાં ક્યારેય નહોતી જોઈ!

એને ડૂમો ભરાઈ ગયો. આંખોમાં પાણી ધસી આવ્યાં. ગળું રૂંધાઈ ગયું. અને એ અચાનક જ પૂંઠ ફેરવીને ત્યાંથી ચાલી નીકળી.

દ્રૌપદી તો ચાલી ગઈ. પણ એની કહેલી વાત કૃષ્ણના કક્ષમાં ગુંજતી રહી :

'त्वदियं वस्तु गोविन्द तुभ्यमेव समर्पये।'

**આ**મ તો દ્રૌપદી જ નહીં, સર્વે કહેતા – "ગોવિંદનું આપેલું સ્વીકારીને ગોવિંદને જ અર્પણ કરવું, એ જ જીવન છે. જો તમે એમને સ્વીકારો તો એ તમને કેમ ત્યજી શકે?"

ઉદ્ધવ, અર્જુન, ભ્રાતા બલરામ સહિત સૌ જાણતા, કૃષ્ણના સ્વભાવમાં અસ્વીકાર હતો જ નહીં!

તિરસ્કાર કે ત્યજવાનું એ શીખ્યા જ નહોતા, જે એવું કરે એને એમ ન કરવાનું કહેતા – "અશુભ કે અસત્ય પણ ત્યાજ્ય નથી, એ સત્ય અને શુભની બીજી બાજુ છે. સોનામહોર કે સિક્કાની એક બાજુના સ્વીકાર સાથે આપોઆપ જ બીજી બાજુનો સ્વીકાર થઈ જાય છે. સૂર્યોદયના સમયે જ સૂર્યાસ્તની આગાહી થઈ જતી હોય છે." કૃષ્ણ કહેતા, "કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિચારનો સંપૂર્ણ સ્વીકાર જ આપણા અસ્તિત્વને પૂર્ણ કરે છે. આપણું પૂર્ણત્વ બીજાના પૂર્ણ સ્વીકાર પર આધારિત છે, કારણ કે પૂર્ણત્વ જ પૂર્ણત્વ સુધી લઈ જાય છે."

અસુંદર કે અસત્ય પણ એમને સ્પર્શીને સુંદર અને સત્ય બની જતું.

પૂર્ણપણે જીવી ગયેલા, જીવનને ઊજવીને પળેપળને સંપૂર્ણપણે માણીને જીવનને એક અર્થ

આપીને જીવેલા શ્રીકૃષ્ણ આજે મૃત્યુને પણ સ્વીકાર, આવકાર સાથે માણી રહ્યા હતા.

આજે મૃત્યુને સહજભાવે સ્વીકારીને કૃષ્ણ શાંત હતા. પરંતુ કોઈ વ્યથા જાણે એમને પગમાં વાગેલા તીરની જેમ હૃદયને પણ વલોવી રહી હતી!

અને એટલે જ કદાચ આજે, અહીં, દ્રૌપદીની કહેલી એ વાત એમની સ્મૃતિમાં આવી હતી.

"આમેય, કશુંય ત્યજવું એ તમારો સ્વભાવ નથી, તમે મને સતત સ્વીકારી છે... મારા સુખ અને દુઃખ સાથે, મારા ગર્વ, અહંકાર, ક્રોધ અને દ્વેષ સાથે... માધવ તમે સંપૂર્ણ જ સ્વીકારો છો, એ જાણું છું હું, કારણ કે તમે પૂર્ણ છો. અપૂર્ણતા કે શંકાને માટે તમારે ત્યાં કોઈ અવકાશ નથી. પણ, ગોવિંદ, એક પ્રશ્ન પૂછવાની આજે ઇચ્છા થાય છે, મને સ્વીકારી ત્યારે તમે પોતાનો સ્વીકાર નથી ઝંખ્યો? ને, અમે પણ નથી સ્વીકાર્યા તમને? એટલા જ ભાવથી, એટલી જ ઊલટથી?... અને તમારો સ્વીકાર એટલે તમે આપેલા બધા જ ભાવ-અભાવ અને સત્યો-અસત્યોનો સ્વીકાર. એનો અર્થ એમ કે સુખ અને દુઃખનો સમાનભાવે સ્વીકાર. તમારું આપેલું બધું જ જીવી છું! આજે, એ બધું જ તમને સમર્પીને જઈ રહી છું ત્યારે જીવન પણ તમને જ સોંપું છું એમ માનજો... અને એને પણ તમે નહીં ત્યજો એવા વિશ્વાસ સાથે."

કૃષ્ણે સુખ અને દુઃખની પરિસ્થિતિને સમાનભાવે સ્વીકારી હતી. સમાન દૃષ્ટિએ પ્રશ્નો અને ઉત્તરોને જોયા હતા. સમાન આપ્યું હતું, સૌને... અને, સમાન લીધું હતું સૌ પાસેથી... જીવનની આટલી ઊંડી સ્વીકૃતિ કોઈ જ વ્યક્તિએ કદી પણ નહોતી આપી એ પહેલાં, કે ન આપી શક્યા એ પછી! કૃષ્ણે સમસ્તનો સ્વીકાર કર્યો હતો. એમની સાથે બધી ગાંઠો છૂટી જતી, બધી દીવાલો તૂટી જતી. એમની પૂર્ણતા બહુઆયામી હતી. કદાચ એટલે જ એમને પૂર્ણ-પુરુષોત્તમ કહીને સન્માનિત કર્યા, એમના સમયે. ધર્મનાં પરમ ઊંડાણો અને ઊંચાઈઓ પર હોવા છતાં એમણે ગંભીર, ઉદાસ કે રડમસ થઈને જીવનને નથી જોયું. નૃત્ય, સંગીત અને પ્રેમની સાથે જીવનને સ્વીકાર્યું. એમણે જીવનને ઉત્સવ તરીકે જોયું. પ્રદર્શન કે મનોરંજનનો કોઈ ખેલ નહીં, કોઈ રથયાત્રા કે શોભાયાત્રા નહીં... જેને ઝરૂખામાં ઊભા ઊભા જોઈ શકાય, માણી શકાય... પણ ઉત્સવ! જેમાં જાતે જોડાવું પડે, જેને જાતે ઊજવવો પડે. જેમાં, જાતે જ આનંદ માણવો પડે. અહંથી પરમ તરફની એ ગતિમાં ડગલાં જાતે જ ઉપાડવાં પડે. સ્વને પામીને સ્વયંને સમર્પી દેવાની વૃત્તિ અને પ્રવૃત્તિ એ જ કૃષ્ણનો જીવનધર્મ હતો. જો આત્મા તરફ ધ્યાન હોય, તો જીવનમાં બધાં કામો ઉત્સવ બની જાય છે. સાચા અર્થમાં કર્મયોગ, સાચા અર્થમાં અનાસક્તિ અને સ્થિતપ્રજ્ઞતાનું જીવન એટલે કૃષ્ણ!

એ સૌના હતા... એમણે સૌને સ્વીકાર્યા હતા.

**અ**ને, તોય આજે એ એકલા હતા.

કૃષ્ણને પગમાં પારાવાર પીડા થતી હતી.

પ્રતિપળ નિકટ આવી રહેલી મૃત્યુની એ પળ એમને વધુ ને વધુ શાંતિ, વધુ ને વધુ સ્વીકાર તરફ લઈ જઈ રહી હતી.

તે છતાં, દ્રૌપદીના આ શબ્દો એમનાં મનોમસ્તિષ્કમાં સમુદ્રની ભરતીની જેમ ધસમસતા આવી આવીને એક ભીનાશ, એક ખારાશ આપતા હતા.

આ ખારાશ...

આ ભીનાશ...

દ્રૌપદીનાં આંસુની હતી, કદાચિત્!

એ આંસુ, જેને જીવનભર પીધાં હતાં, એણે.

એ આંસુ, જે યજ્ઞવેદીમાંથી સાથે લઈને જન્મી હતી એ.

એ આંસુ, જે સ્વયંવરના મંડપમાં, રાજ્યસભામાં અને કુરુક્ષેત્રના યુદ્ધમાં અને એ પછી પણ રોજેરોજ એનું ગળું ભીંજવતાં રહ્યાં, પણ આંખ સુધી ક્યારેય ન આવ્યાં.

એ આંસુ, આજે આંખોની બહાર ધસી આવવા મથામણ કરતાં હતાં. પણ એને રોકીને અવિરત વહેતા હતા, શબ્દો.

“ગોવિંદ... તમારું આપેલું બધું જ, તમને સમર્પિત કરું છું, અને છતાંયે, હું સમર્પિત થવાનો અર્થ આજે પણ નથી જાણતી. તમારી સાથેનાં આ વરસો દરિમયાન સતત મને પ્રશ્ન થતો રહ્યો કે સુખ અને દુઃખ બંને તમારે ચરણે ધરી દઉં તો, મારું શું? મને લાગતું હતું કે સુખ મારે સ્વકલ્યાણ અર્થે મેળવવું રહ્યું અને દુઃખ સ્વકલ્યાણ અર્થે ત્યજવું રહ્યું... પરંતુ ત્યજવાથી કશુંયે આપણાથી દૂર નથી જતું. દરેક મનુષ્યનું અને પરિસ્થિતિનું સ્થાન આપણા જીવનમાં નિશ્ચિત હોય છે અને એટલે જ, આપણા ત્યજવાથી કે અસ્વીકાર કરવાથી નિયતિમાં કોઈ ફેર નથી પડતો.”

દ્વારિકાથી સુવર્ણ રથોમાં સવાર થઈને આનંદિત યાદવો જ્યારે નીકળ્યા ત્યારે આમાંના એકેય પાછા નથી આવવાના એની એમનામાંથી કોઈનેય ક્યાં કલ્પના હતી? દ્વારિકાના સમુદ્રતટ સુધી સુવર્ણ રથોમાં પહોંચીને યાદવો નૌકાઓમાં સવાર થયા. સોમનાથના સમુદ્રતટ પર એ નૌકાઓ લાંગરી ત્યારે સુવર્ણનગરી દ્વારિકાના વૈભવ સમા આ ચહેરાઓ હવે થોડાક જ પ્રહરોમાં નામશેષ થઈ જવાના છે એવી કલ્પનાથી અજાણ યાદવોએ સમુદ્રમાં સ્નાન કર્યું, પછી સોમનાથની પૂજા કરી.

બાર જ્યોતિર્લિંગોમાંના એક એવા સોમનાથનું નામ જ્યોતિર્લિંગમાં પણ સર્વપ્રથમ લેવાતું હતું. સ્વયં ચંદ્રે દક્ષ પ્રજાપતિના શાપથી મુક્ત થવા અહીં તપ કર્યું હતું અને સ્વયં ભગવાન શિવે એને શાપનું નિવારણ આપ્યું હતું.

અહીં પૂજા કરીને અંતિમ પ્રયાણ કરનારા યાદવો જન્માંતરોના ફેરામાંથી મુક્ત થાય, અને સ્વર્ગારોહણ કરે એ જ કૃષ્ણનો યત્ન હતો!

પ્રભાસક્ષેત્રમાં યાદવો અને બલરામ સાથે કૃષ્ણ જ્યારે પહોંચ્યા ત્યારે કૃષ્ણના મનમાં સ્પષ્ટ હતું કે અહીંથી યાદવકુળની એક પણ વ્યક્તિ પાછી જવાની નથી. સર્વ યાદવોએ સોમનાથક્ષેત્રમાં

સ્નાન કર્યું અને સ્નાન કર્યા પછી પૂજા બાદ ઉજાણી માટે પ્રભાસક્ષેત્રના જંગલમાં ગયા. અહીં, મદિરા-પાન કરતાં કરતાં ઈંધણની બાબતમાં વાદવિવાદ થયો, જેમાંથી શસ્ત્રો ઉઠાવવા સુધી વાત પહોંચી ગઈ અને ઉજાણી કરવા આવેલા યાદવોની પાસે શસ્ત્રો બહુ હતાં નહીં, એટલે પ્રભાસક્ષેત્રમાં ઊગેલા એરકા (ચિયો) નામના ઘાસનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરવા લાગ્યા. આ ઘાસ લોખંડ જેવું સખ્ત અને તીણું હતું. એકબીજાને ઘાસ મારી મારીને મોટા ભાગના યાદવો મૃત્યુ પામ્યા. કૃષ્ણ વ્યથિત હૃદયે આ જોતા રહ્યા. પછી વધેલા યાદવો એઠાં વાસણો એકબીજાને મારવા લાગ્યા. એકબીજાને કરડવા લાગ્યા... જે યાદવકુળ મહાસત્તા કહેવાતું, જે યાદવકુળ ભારતવર્ષના ઇતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠ બનીને અવતર્યું હતું એ આખુંય કુળ કમોતને વર્યું.

શસ્ત્ર જેને માટે ત્યાજ્ય હતાં એવા શ્રીકૃષ્ણે પોતાના જ ભાંડુઓને વધુ પીડા ન ભોગવવી પડે, વધુ દુઃખી ન થવું પડે અને એકબીજાને એકબીજાની સામે લડતા રોકવા આખરે પોતે જ નિર્ણય લેવો પડ્યો.

જેમ જેમ યાદવોને સામસામે વધુ ને વધુ ઝેર ઓકતા, વધુ ને વધુ પીડાતા જોતા એમ કૃષ્ણને વધુ ને વધુ દુઃખ પહોંચતું હતું. છેવટે મુઠ્ઠીભર વધેલા યાદવોને વધુ કમોતે મરતા રોકવા વ્યથિત કૃષ્ણે એક મુઠ્ઠી એરકા તોડી. એક મુઠ્ઠી ઘાસમાંથી એક એક ઘાસની સળી મુશળ બની ગઈ અને યાદવો પર ફેંકાયેલું એ એરકાનું એકએક મુશળ એકએક યાદવને મૃત્યુનો સંદેશ સંભળાવતું ગયું.

યાદવાસ્થળી પૂરી થઈ હતી.
દુર્વાસાનો શાપ સાચો ઠર્યો હતો.
અને, યાદવકુળનો નાશ થયો હતો.

હવે, ગાંધારીના શાપની ઘડી આવી ગઈ હતી.

ધીમાં પણ સ્થિર પગલે કૃષ્ણ વ્યથિત હૃદયે આવીને હિરણ્ય નદીના કાંઠે આવેલા જંગલમાં એક પીપળા નીચે બેઠા. દૂર ચમકતી ચાંદીની રેખા જેવી હિરણ્ય નદી વહેતી હતી. દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી એક પણ માણસ નહોતો દેખાતો. સૂર્ય ઊગવાની તૈયારીમાં હતો.

કપિલા, હિરણ્ય અને સરસ્વતીનો સંગમ પીપળાની નીચે બેઠેલા કૃષ્ણને દૂર દેખાતો હતો. આ એ જ સંગમ હતો, જ્યાં એમના જ્યેષ્ઠ ભ્રાતા સમાધિસ્થ થયા હતા. યાદવાસ્થળી શરૂ થઈ, ત્યારે જ બલરામે કૃષ્ણની વિદાય માગી હતી. પોતાના જ્યેષ્ઠ ભ્રાતાને ભારે હૃદયે કૃષ્ણે નિર્વાણના પંથે સંચરવા અનુમતિ આપી હતી.

બલરામ ત્રિવેણીસંગમ પાસે આવીને ધ્યાનમાં બેઠા.

અને, એક ગોવાળિયો બીજાને કહેતો સંભળાયો હતો, “એક માણસ સાત ફેણવાળો નાગ બનીને આ નદીમાં ઊતરી ગયો.”

યાદવાસ્થળી પૂરી થયા પછી વીખરાયેલા - વેરાયેલા પોતાના જ સ્વજનોના મૃતદેહોને એકઠા કરી એમને યોગ્ય દાહ-સંસ્કાર મળે એવી વ્યવસ્થા કરી કૃષ્ણ એકલા, અડવાણે પગે, અલંકારવિહીન પ્રભાસક્ષેત્રનાં જંગલોમાં ચાલી ગયા. મોરમુગુટવિહીન મસ્તક અને ગળામાં વૈજયંતી વિનાના કૃષ્ણ જુદા, જાણે અજાણ્યા, અડવા અથવા સાવ સૂના લાગતા હતા.

ભુવનમોહિની મુખ તો એ જ હતું પણ આંખોમાં અપાર પીડા હતી. આછી ભીનાશની સાથે સાથે આવનારી પળની પ્રતીક્ષા પણ હતી.

ધીરે પગલે કૃષ્ણ પીપળાના વૃક્ષ નીચે આવી પહોંચ્યા. અશ્વત્થ વૃક્ષને જોઈને કૃષ્ણ એને ટેકે હળવેથી ગોઠવાયા.

પ્રભાસક્ષેત્રના જંગલમાં વિશાળ વૃક્ષ નીચે પગના ઢીંચણ ઉપર પોતાનો બીજો પગ રાખી બેઠેલા પણ નહીં અને સૂતેલા પણ નહીં એ રીતે બેસીને ધ્યાનમાં ચાલી ગયા. આંખો ખુલ્લી હતી. છતાં જાણે પથ્થરવત્ થઈ ગઈ હતી. જે આંખોમાં એક રમતિયાળ સ્મિત રહેતું, જે આંખો જીવનરસથી ભરપૂર હતી એ આંખો આજે જાણે આકાશને પેલે પાર દૂર અનંતમાં પોતાના જ જીવનનો અંત જોઈ રહી હતી. દુર્વાસાએ ક્રોધમાં યાદવોને આપેલો શાપ ઊગતા સૂરજની સાથે પોતાનું અમીટ અસ્તિત્વ અને વિજયનું સ્મિત લઈને ઊગી રહ્યો હતો. યાદવાસ્થળીમાં તમામ યાદવોનો અંત આવ્યો હતો અને યાદવકુળના મુગુટમણિ સમા શ્રીકૃષ્ણ પોતાના અંતની પ્રતીક્ષા કરતા અહીં આવીને બેઠા હતા. એમના હૃદયમાં એક અકથ્ય વેદના હતી. એ વેદના આવી રહેલી વિદાયની પળ માટે હતી કે વીતી ગયેલી વિદાયની પળ માટે? ઊગતો સૂરજ વ્યથિત થઈને પૃથ્વી પર મનુષ્ય થઈને અવતરેલા એક ઈશ્વરની વિદાય માટે જ ઊગ્યો હોય એમ ઝાંખો, તેજવિહીન હતો આજે. તેવામાં જરા નામનો પારધી નદીને પેલે પાર આથમતા અંધકારને સમયે શિકાર કરવા આવી પહોંચ્યો. કૃષ્ણ એવી રીતે બેઠા હતા કે અંધારામાં જાણે હરણ બેઠું હોય એમ લાગતું હતું.

"પશુના મોતે મરીશ તું... એકલો, અસહાય અને પીડિત... બરાબર એ જ રીતે જેમ મારા પુત્રો મર્યા... અને તું પણ જોઈશ વિનાશ તારા કુળનો, તારા પુત્રો, તારા પૌત્રો અને તમામ સ્વજનો તારી સામે જ એકએક કરીને તરફડી તરફડીને મૃત્યુ પામશે." ગાંધારીનો અવાજ જાણે મહેલની દીવાલો ચીરીને દસે દિશામાં ફેલાઈ ગયો હતો. બ્રહ્માંડમાંથી પાછો પડઘાયો હતો, એ અવાજ... "પશુના મોતે મરીશ તું... એકલો, અસહાય અને પીડિત..."

વારંવાર આ શાપનું ઉચ્ચારણ કર્યું હતું ગાંધારીએ. મહેલની દીવાલના એક-એક પથ્થર પર કોતરી દેવા હોય શબ્દો, એ રીતે.

અને છતાં, હાથ જોડીને નમસ્કાર કર્યા હતા કૃષ્ણે!
જાણે સ્વીકાર કરતા હોય એ અભિશાપનો!

આમેય, માતા ગાંધારી સિવાય કોની શક્તિ હતી, સ્વયં શ્રીકૃષ્ણને શાપ આપવાની અને એ પરિસ્થિતિનું નિર્માણ પણ સ્વયં કૃષ્ણે જ કર્યું હતું!

બંધ આંખે માત્ર પુત્રપ્રેમમાં અંધ બનીને જીવી ગયેલાં માતા ગાંધારીના ત્યાગે એમને સતીત્વ તો આપ્યું, પણ સમાધાન ન મળ્યું! પોતાના પુત્રોનો દોષ ન જોઈ શકતાં ગાંધારીને સાચે જ કૃષ્ણ જ કારણભૂત લાગ્યા હતા એના કુળના વિનાશ માટે કે પછી મા બનીને એમણે કૃષ્ણની મુક્તિ પ્રાર્થી હતી પોતાના શાપમાં.

કૃષ્ણ કદીયે યુદ્ધ કે વિનાશ ન ઇચ્છે. એમના અસ્તિત્વમાં એમણે સતત સમાધાન અને સ્વીકારનો સંદેશ આપ્યો હતો. સમાધાનની ટોચની અવસ્થા એ સમાધિ, જીવનભર સમાધિસ્થ થઈને જીવી ગયેલા સ્થિતપ્રજ્ઞ કહેવાતા એવા યોગેશ્વર હતા પોતે! તેમ છતાંયે, આવા મહાભયાનક માનવસંહારના સાક્ષી બનવાનું એમના ભાગે આવ્યું હતું.

અધર્મના નાશ માટેનાં અનિવાર્ય પગલાં હતાં આ?

કે પછી, માનવદેહ છોડવા માટે કારણો શોધતા હતા, કૃષ્ણ સ્વયં!?

મહાસંહારના અંતે પોતાની મુક્તિ માટે કશુંક તો કરવું જ રહ્યું.

અને એથી જ, માતા ગાંધારીના શાપની એ ઘડીનું નિર્માણ કર્યું હતું, એમણે જ?!

માતા ગાંધારીના શાપ પછી હાથ જોડી નમસ્કારની મુદ્રામાં સ્વયં એમણે જ કહ્યું હતું, 'તથાસ્તુ'!!

સ્વયં, પોતાના જ મૃત્યુનો સ્વીકાર!
આટલો સહજ, આટલો સ્વસ્થ.
કૃષ્ણ સિવાય કોણ હોઈ શકે?

...**અ**ને, મૃત્યુ આવી લાગ્યું હતું!

કૃષ્ણ મનુષ્યદેહ ત્યાગે ત્યારે યાદવો પણ એમની સાથે જ આ પૃથ્વી છોડી જાય એવી કૃષ્ણની ઇચ્છા હતી. કલિયુગનાં અધર્મ અને અનીતિ જોવા માટે યાદવો ન બચે એમાં જ યાદવકુળનું શ્રેય હતું. આના સૌથી પહેલા ચરણરૂપે દુર્વાસાએ યાદવોને શાપ આપ્યો.

પિંડારાતીર્થમાં દુર્વાસા ઋષિ તપ કરતા હતા. યૌવન અને મહાસત્તાના કેફમાં જીવતા, ઉન્મત્ત બનેલા યાદવો એમની ઉદ્ધતાઈ માટે જાણીતા હતા. સુરા, સુંદરી, જુગાર, માંહોમાંહેની લડાઈ અને સત્તામાં અંધ બનેલા યાદવો તમામ પાપો આચરવા લાગ્યા હતા. યાદવકુમારોએ સાથે મળીને જાંબુવતી અને કૃષ્ણના પુત્ર સાંબને સ્ત્રીરૂપે શણગાર્યો અને દુર્વાસા પાસે લઈ ગયા. મુનિને પ્રણામ કર્યા વિના હસતાં હસતાં મશ્કરી કરતાં બોલ્યા, “આ સ્ત્રી બભ્રુ યાદવની પત્ની છે. એને પુત્રની બહુ ઝંખના છે... એ કોને જન્મ આપશે?”

દુર્વાસાએ યાદવોની ઉદ્ધતાઈ અને અહંકાર જોતાં શાપયુક્ત વચન કહ્યું : “આ સ્ત્રી મુશળને જન્મ આપશે, જેનાથી સમગ્ર યાદવકુળનો વિનાશ થશે.”

યાદવકુમારોએ ડરીને આ વાત કૃષ્ણને ન કહી. સાંબના શરીરમાંથી એક મુશળનો જન્મ

થયો. યાદવકુમારોએ લોખંડના એ મુશળને ઘસાવી, ભુક્કો કરાવી સમુદ્રમાં ફેંકાવી દીધો. તે ભુક્કો પ્રભાસક્ષેત્રમાં એરકા નામનું ઘાસ થઈને ઊગ્યો. જેમ જેમ એરકા ઘાસ કપાતું, તેમ તેમ નવું ઊગનારું ઘાસ વધુ ને વધુ મજબૂત, લોખંડની જેમ સીધું અને તીણું બનીને ઊગી નીકળતું. અહીં યાદવાસ્થળી માટેનાં શસ્ત્ર તૈયાર થઈ રહ્યાં હતાં. સત્તાના મદમાં છાકટા યાદવો જેનાથી અજાણ બનીને જીવી રહ્યા હતા – ત્યાંથી કેટલાંય જોજનો દૂર દ્વારિકામાં!

એક ટુકડો જેનો ભુક્કો નહોતો થયો એને એક માછલું ગળી ગયું. માછલું માછીમારના હાથમાં આવ્યું અને એ લોખંડનો ટુકડો માછીમારે જરા નામના પારધીને આપી દીધો.

'જરા' પારધીએ બાણ પર એ ટુકડો ચોંટાડ્યો.

કૃષ્ણ સિવાય કોને ખબર હતી કે એ જ બાણ કૃષ્ણના મનુષ્યદેહના અંતનું કારણ બનવાની તૈયારીમાં હતું.

જરાએ મુશળમાંથી વધેલો એક ટુકડો પોતાના બાણ પર ચોંટાડ્યો અને મુશળના ટુકડાવાળું બાણ હરણને માર્યું.

હવામાં સનનન કરતો એક સુસવાટો થયો.

ઉદ્ધવનાં આંસુ, રુક્મિણીની લટો અને ચંદનનો જ્યાં રોજેરોજ સ્પર્શ થતો હતો એ અંગૂઠો અચાનક બધિર બની ગયો. જાણે એક નાનકડી આગની લપટ શરીરમાં અંગૂઠા વાટે પ્રવેશી અને વીજળીવેગે શરીરમાંથી પસાર થઈને તાળવામાંથી નીકળી ગઈ.

જરાનું બાણ તોમર શસ્ત્ર બનીને કૃષ્ણને વાગ્યું. પગના તળિયાને વીંધીને એ બાણ કૃષ્ણને વાગ્યું... માતા ગાંધારી અને દુર્વાસાનો શાપ 'તથાસ્તુ' બનીને કૃષ્ણને અંતિમ પળ સુધી ઘસડી ગયો.

હરણ વીંધાયેલું જાણી જરા છબછબિયાં કરતો, છાતી સમાણું પાણી વીંધીને સામે કાંઠે પહોંચ્યો. પરંતુ અહીં હરણને બદલે પ્રભુનાં ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન થયાં!

જરા સહેજ ડરી ગયો. ભોળા પારધીને કોઈક જીવની આશા હતી, પરંતુ અહીં તો સ્વયં જીવનાધારનું જીવન વીંધાઈ ચૂક્યું હતું. પારધીએ ઉતાવળમાં કૃષ્ણના પગમાંથી તીર ખેંચવાનો પ્રયાસ કર્યો.

"રહેવા દે ભાઈ!" એક ડૂબતો અવાજ સંભળાયો. ક્યારેક કુરુક્ષેત્રમાં ગુંજેલા એ અવાજે કહ્યું હતું,

*નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ।*
*શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધયેદકર્મણઃ ॥*

*નિયત એટલે નિમાયેલું કર્મ તું કર, કારણ કે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું સારું જ છે.*
*કર્મ ન કરવાથી તો શરીરનો નિર્વાહ પણ ચાલશે નહીં.*

પોતાનું કર્મ કરીને ધ્રૂજતા જરાને એ અવાજમાં અજબની પીડા અને એક ઘેરી વળતી તંદ્રા સંભળાઈ.

કાન પાસે સહેજ સફેદ વાળ, ક્ષીણ થઈ ગયેલી અર્ધનિમીલિત આંખો, મુકુટ અને મોરપિચ્છ ન હોવા છતાં એ શ્યામવર્ણ અને રાજીવલોચન ચહેરો એટલો જ મોહક અને એટલો જ કરુણામય હતો.

પગમાં ખૂંચેલા તીરમાંથી રક્ત ટપકવા લાગ્યું, પીડા વધવા લાગી.

કૃષ્ણનું શરીર પોતાના પ્રાણ ત્યાગવાની તૈયારી કરવા લાગ્યું. પરમાત્માનો અંશ મનુષ્યદેહ છોડીને પરમબ્રહ્મમાં વિલીન થવાની તૈયારીમાં હતો ત્યારે, ફરી એક વાર દ્રૌપદીનો અવાજ કૃષ્ણના કાનમાં ગુંજ્યો :

‘त्वदियं वस्तु गोविन्द तुभ्यमेव समर्पये।’

શા માટે?

શા માટે એ વાક્ય રહી રહીને કૃષ્ણના કાનમાં ગુંજતું હતું?

કયાં બંધનો હજીયે દેહને બાંધતાં હતાં? મનને મુક્તિ નહોતાં આપતાં?

આત્મા જ્યારે પોતાનું પિંજર છોડી ઊડવા માટે પાંખો ફફડાવતો હતો ત્યારે કયો અવાજ વારંવાર કૃષ્ણને સ્મરણ કરાવતો હતો, એમનો દેહધર્મ?!

અને, શું હતો એ દેહધર્મ?

જરાના ગળગળા, ગભરાયેલા, ડૂમો ભરાઈ ગયેલા અવાજથી કૃષ્ણનું ધ્યાન તૂટ્યું.

દૃષ્ટિ સામે લંગોટી પહેરેલો, કાળો, માથામાં પીંછાં ખોસેલો જરા હાથ જોડીને આંખમાં આંસુ સાથે પ્રભુને વિનંતી કરતો હતો. ચતુર્ભુજ સ્વરૂપ જોઈને ગભરાઈ ગયેલા જરાએ થરથરતાં, કાંપતાં કૃષ્ણની માફી માગી. કૃષ્ણના ચહેરા પર ઘણા સમય પછી સ્મિત આવ્યું. પીડામાં ડૂબકી મારીને નીકળ્યું હોય એવું. ભીનું, ગળગળું અને ભુવનમોહિની સ્મિત!

કૃષ્ણે જરાને પૂછ્યું, “કોણ છે ભાઈ તું?”

જરાએ થરથરતા અવાજે કહ્યું, “જ...જ... જરા...”

કૃષ્ણના ચહેરા પર હજીયે એ સ્મિત હતું. “જરા! તારી જ તો રાહ જોતો હતો. કેમ આટલું મોડું કર્યું ભાઈ?”

જરાએ કંઈ સમજ્યા વિના કૃષ્ણ સામે હાથ જોડ્યા. “પ્રભુ, આ બાણ...”

કૃષ્ણે જરાને કહ્યું, “તારું છે... જાણું છું. આ મુશળનો ટુકડો ઓળખું છું હું... પ્રાતઃસ્મરણીય દુર્વાસા અને મા ગાંધારીનું જ સ્મરણ કરી રહ્યો હતો હું.”

જરા અનિમેષ નયને જોઈ રહ્યો.

“મારી મુક્તિનો સંદેશ લાવ્યો છે તું.” કૃષ્ણે કહ્યું.

“મને ક્ષમા કરો પ્રભુ.” જરાની આંખોમાંથી આંસુ વહેતાં હતાં.

કૃષ્ણે જરાને કહ્યું, “ભયભીત થયા વિના તું સ્વર્ગમાં જા... તેં પરમ આત્માને મનુષ્યદેહના પિંજરમાંથી મુક્ત કર્યો છે. વંદન તો મારે કરવાનાં છે, તને.”

કૃષ્ણે હાથ જોડ્યા. આંખો મીંચી. એમના ચહેરા પર વાગેલા બાણની પીડા અને મુક્તિનો આનંદ મિશ્ર સ્વરૂપે ઝળહળી રહ્યાં હતાં. એ દિવ્ય તેજથી ઝળહળતો ચહેરો, અને બંધ નયનો.

જરા કૃષ્ણને જોઈ રહ્યો.

એ ચહેરો, એ ક્ષમા, એ અર્ધબિડાયેલાં રાજીવલોચન અને પગના અંગૂઠામાંથી ધીમે ધીમે ટપકી રહેલું રક્ત! પારાવાર પીડામાં પણ કૃષ્ણના ચહેરા પર આવેલું સ્મિત સ્થિર થઈ ગયું. કૃષ્ણને વીંધીને જરાને સ્વર્ગ પ્રાપ્ત થયું. જરાને આ વાત સમજાઈ નહીં. ભોળો પારધી હાથ જોડીને પ્રભુની આ આખરી, અકળ લીલા જોઈ રહ્યો.

કૃષ્ણે આંખો મીંચી લીધી. પીડાથી અને શાંતિથી! અનેક જીવોની પીડાને શાંત કરનાર આજે પોતે જ અપાર પીડા ભોગવી રહ્યા હતા. મનુષ્યશરીર ત્યજવા માટે મનથી લગભગ તૈયાર થઈ ચૂકેલા કૃષ્ણની બંધ આંખો સામે બનેલી બધી ઘટનાઓ જાણે એક પછી એક પસાર થવા લાગી.

પ્રભાસક્ષેત્રની યાદવાસ્થળી પૂરી થયા પછી કૃષ્ણે પોતાના સારથિ દારુકને હાથ જોડીને ત્યાંથી જવા માટે વિનંતી કરી. દારુક કૃષ્ણને એકલા છોડવા તૈયાર નહોતો, પળભર માટે પણ.

કૃષ્ણનો જે રથ દરેક યુદ્ધમાં વિજય અપાવતો એ રથ, સુદર્શનચક્ર, કૌમુદી ગદા, શારંગ ધનુષ, બે ભાથાં, પાંચજન્ય શંખ અને નંદક તલવાર બધું જ દારુકની દૃષ્ટિ સામે કૃષ્ણની પ્રદક્ષિણા કરીને સૂર્યની દિશામાં ચાલી ગયું! સારથિ દારુક કૃષ્ણની સામે જોઈને ઊભો રહ્યો. દારુકની આંખોમાં વિદાયની પીડા હતી. એના જીવનઆધારનું જીવન હવે કેટલી પળો, કેટલી ઘડી ટકવાનું હતું એ દારુક પણ જાણતો હતો અને કૃષ્ણ સ્વયં પણ.

કૃષ્ણ જાણતા હતા કે અર્જુન જ્યારે પહોંચશે ત્યારે પોતે નહીં હોય કદાચ! અર્જુનના ભાગે હવે જઈને આ આખીયે કથા ઉગ્રસેન, દેવકી અને વસુદેવને કહેવાનું વિકટ કામ આવી પડવાનું છે. એમના ગયા પછી વિયોગનું દુઃખ એ સૌએ ઝીલવાનું હતું.

સ્વજનોથી વિયોગ, માનવ માટે કેટલો દુઃખદાયી હોય છે, એ સ્વયં ઈશ્વરને પણ સમજાઈ રહ્યું હતું!

કૃષ્ણે દારુકને અર્જુનને લઈ હિરણ્ય-કપિલાના એ પટ પાસે આવવાનું કહ્યું. માનવદેહના ત્યાગ પછી યોગ્ય સંસ્કાર થાય એવું પ્રભુ પણ ઇચ્છતા હતા, કદાચ!

મનુષ્યદેહ છોડીને જવાનું દુઃખ કૃષ્ણને પોતાને પણ હશે જ. પ્રેમ, કરુણા, લાગણીનાં બંધનો દરેકેદરેક મનુષ્યની જેમ કૃષ્ણને પણ પોતાની તરફ ખેંચતાં હતાં. ન જવા માટે રોકતાં હતાં અને આ બધી પીડામાં ગર્ત કૃષ્ણ અન્યમનસ્ક જેવા, ધ્યાનસ્થ થઈને પીપળાની નીચે વ્યથિત હૃદયે બેઠા હતા અને દ્રૌપદીની એ વાત વારંવાર એમના મનોમસ્તિષ્કમાં પડઘાઈ રહી હતી.

આજે જ્યારે જીવન મહાપ્રયાણ માટે સજ્જ હતું ત્યારે પૂર્ણપુરુષોત્તમને શું કોઈક અપૂર્ણતા ઊંડે ઊંડે દૂભવી રહી હતી?

જે સ્થળેથી ભાઈ બલરામે સ્વધામ પ્રયાણ કર્યું, એ જ સ્થળેથી પોતાનો આત્મા પણ પરમબ્રહ્મમાં લીન થાય એવી ઇચ્છા હશે કે કોણ જાણે કેમ, પણ કૃષ્ણ આટલી બધી પીડા સાથે ઊઠ્યા અને ત્રિવેણીસંગમ તરફ ચાલવા લાગ્યા.

ભાઈ બલરામ જાણે એમને બોલાવી રહ્યા હતા, "ચાલ ચાલ કા'ના, જવાની વેળા થઈ છે, ક્યાં સુધી સૂતો રહીશ? હું ક્યારનોય તારી રાહ જોઉં છું, ઊઠ કા'ના, અને આવી જા."

કૃષ્ણ કોણ જાણે કયા બળે ઊઠીને હિરણ્ય, કપિલા અને સરસ્વતીના સંગમ તરફ ચાલવા લાગ્યા. લોહી નીંગળતા પગે અને હજારો વીંછીના ડંખની વેદના સાથે કૃષ્ણ ધીમાં પરંતુ સ્થિર ડગલાં ભરી રહ્યા હતા. દેહત્યાગની પળો ત્રિવેણીસંગમ તરફ ખેંચી રહી હતી એમને.

ભાઈ બલરામનો દેહ પણ અહીંથી જ સ્વધામ ગયો હતો. કૃષ્ણ પણ એ ત્રિવેણીસંગમની પવિત્ર ભૂમિ પર દેહત્યાગ કરવા કટિબદ્ધ હતા. જરા ધીમે ધીમે એમની પાછળ પાછળ ચાલી રહ્યો હતો. કૃષ્ણે સહેજ અટકીને પાછળ જોયું, એ અટક્યા, જરાને હાથ જોડ્યા. ભુવનમોહિની સ્મિત કરીને જરાને કહ્યું, "ભાઈ, હવે તું સિધાવ, આમ મારી પાછળ પાછળ આવીને શા માટે તારો સમય વ્યતીત કરે છે?"

જરાની આંખમાં આંસુ આવી ગયાં, "સાવ એકલા..."

આ પરિસ્થિતિમાં પણ કૃષ્ણ હસી પડ્યા, "આ તો અંતિમ પ્રયાણ છે ભાઈ, આમાં સંગાથ કેવો? આ તો એકલા જ કરવાની યાત્રા છે. તારો આભાર."

જરા સ્તબ્ધ થઈને કૃષ્ણ સામે જોઈ રહ્યો.

કૃષ્ણ ફરી ત્રિવેણીસંગમની દિશામાં ચાલવા લાગ્યા. પ્રત્યેક ડગલું ભરતી વખતે એમના ચહેરા પર એક પીડા ઊપસી આવતી. આંખ મીંચાઈ જતી. પરંતુ ડગલાં એટલાં જ સ્થિર અને એટલાં જ મક્કમ હતાં.

ધીરે ધીરે કૃષ્ણ ત્રિવેણીસંગમ સુધી પહોંચી ગયા.

વિશાળ પીપળાના વૃક્ષ નીચે બેસીને એમણે દેહ લંબાવી દીધો. સામે હિરણ્ય, સરસ્વતી અને કપિલાનો સંગમ થઈ રહ્યો હતો. ત્રણેય નદીઓ કલકલ કરતી વહેતી હતી. આછું ભૂરું લીલું અને સરસ્વતીનું સ્વચ્છ પાંખા પ્રવાહવાળું સલિલ એમની દૃષ્ટિ સામે એક થઈને સમુદ્ર તરફ આગળ વધતું હતું. પુણ્યશાળી નદીઓનો અહીં ભવ્ય સંગમ થતો હતો. ત્રણેય નદીઓ એકમેકમાં મળીને સમુદ્ર તરફ આગળ વધતી હતી.

આમ પણ નદીનું અંતિમ ધ્યેય સમુદ્ર જ હોય છે. જેમ આત્મા પરમાત્મા તરફ આગળ વધે છે અને અંશ બ્રહ્માંડમાં ભળીને સ્વયં બ્રહ્મા બની જાય છે એમ જ નદી પણ સમુદ્રમાં ભળીને સ્વયં સમુદ્ર બની જાય છે.

કૃષ્ણે આંખો મીંચી દીધી – પીડાથી અને શાંતિથી!

'અહમ્ બ્રહ્માસ્મિ'નો નાદ ચારે તરફ ગુંજી રહ્યો હતો. અને, બ્રહ્માંડનો અંશ ફરી એક વાર બ્રહ્માંડમાં ભળી જવા તત્પર હતો!

પીપળાના વૃક્ષ નીચે સૂતેલા કૃષ્ણ કોઈ અદ્‌ભુત મનોદશામાંથી પસાર થઈ રહ્યા હતા. સ્વીકારનો સંન્યાસ હતો એ... નેતિ નહોતી, અસ્તિ હતી.

જરા કૃષ્ણને હલાવતો હતો.

"પ્રભુ, પ્રભુ! બહુ રક્ત વહી રહ્યું છે, પ્રભુ... મને ઘા-બાજરિયું બાંધવા દો, હમણાં સારું થઈ જશે."

કૃષ્ણના ચહેરા પર એક સ્મિત હતું.

"ખરે જ! હવે બધું જ સારું થવાનું. સર્વનું."

ગુરુ સાંદીપનિના આશ્રમમાં ગવાતો શાંતિમંત્ર કૃષ્ણના કાનમાં ગુંજવા લાગ્યો :

*'અંતરિક્ષં શાંતિઃ... પૃથિવી શાંતિરાપઃ શાંતિરોષધયઃ શાંતિઃ*
*વનસ્પતયઃ શાંતિર્વિશ્વેદેવાઃ શાંતિર્બ્રહ્મ શાંતિઃ...'*

હવે બધે જ શાંતિ હતી, અંદર અને બહાર... ભીતર અને ચારે તરફ. હવે મન અને શરીર બંને શાંત થઈ જવાનાં હતાં!

વાંસળી... કોણ જાણે ક્યાંથી કૃષ્ણના કાનમાં ગુંજવા લાગી. નદીનો કલકલ કરતો વહી રહેલો પ્રવાહ જાણે યમુના બનીને ઉછાળા મારવા લાગ્યો. કદમનું ઝાડ કૃષ્ણની આંખો પર ઝૂકી આવ્યું અને યમુનાના કાંઠે ઊગેલાં વૃક્ષોની ગાઢી, લીલી, ભીનાશવાળી હવા કોણ જાણે ક્યાંથી આવી લાગી. મોરપિચ્છના ઢગલેઢગલા કૃષ્ણના શરીર પર પડી પડીને લસરી જવા લાગ્યા.

ગોકુળની ગલીઓ, ગાયના ગળામાં બાંધેલી ઘંટડીઓ રણકાવતી જાણે સ્વયં ચાલીને કૃષ્ણની બંધ આંખો સામે આવીને ઊભી રહી. બધી જ ગલીઓ હાથ ફેલાવીને કૃષ્ણને જાણે કહેતી હોય, "આવ... ચાલી આવ."

ઊગતા સૂરજની સાથે, પંખીઓનો કલરવ... ઘર ઘરમાંથી આવતી ગાયોની ભાંભર અને ગોકુળની સ્ત્રીઓનાં પ્રભાતિયાં કૃષ્ણના કાનમાં કોણ જાણે ક્યાંથી સંભળાવા લાગ્યાં!

માના અવાજમાં ગવાતાં પ્રભાતિયાં સાંભળીને ગાયો ચરાવવા જવાની વેળા થઈ છે, એમ જાણીને કૃષ્ણે આંખો ખોલવાનો બહુ પ્રયાસ કર્યો, પણ કોણ જાણે આંખો પર કોણે મણ મણનું વજન મૂક્યું હતું. કૃષ્ણની આંખો જ નહોતી ખૂલતી.

હિરણ્યના પ્રવાહ પર જાણે દ્રૌપદીનો ચહેરો કૃષ્ણની સામે કલકલ કરતો વહી રહ્યો હતો. અને કહેતો હતો, "સખા! તમારું આપેલું સુખ, તમારું આપેલું દુઃખ, તમારું આપેલું માન, તમારું આપેલું અપમાન, તમારું આપેલું જીવન અને તમારું આપેલું મૃત્યુ – બધું જ સ્વીકારીને તમને સમર્પિત કરું છું..."

કૃષ્ણને દ્રૌપદીનો એ તરફડાટ, એની ઝઝૂમવાની, જીવન સાથે લડવાની અને લડીને ફરી-ફરીને હારવાની, હારીને ઊભા થવાની અને ફરી લડવાની, એ શક્તિ માટે અજબ માન હતું.

દ્રૌપદીનું સ્વત્વ જ એનું વ્યક્તિત્વ હતું. આવી સ્ત્રી સમર્પિત થાય ત્યારે એ શું આપી શકે, એની જાણ હતી કૃષ્ણને.

એમને પહેલી વાર વિચાર આવ્યો, 'આ સ્ત્રીએ આપેલું બધું જ હું સ્વીકારી શકીશ ખરો? શું હું લાયક છું આટલા મોટા, આટલા વિરાટ સમર્પણને? એક વ્યક્તિ પોતાનું સ્વત્વ, પોતાનું વ્યક્તિત્વ જ્યારે તમને સમર્પે ત્યારે એને સામે આપવા માટે શું છે મારી પાસે? હું તો પોતે જ જઈ રહ્યો છું. સમર્પણ સ્વીકારવાનો સમય ક્યાં બચ્યો છે મારી પાસે? અને છતાંય એણે આપેલું બધું જ મારી છાતી ઉપર એક ભાર બનીને બેસી ગયું છે.'

"સખી, શા માટે? શા માટે આટલી મોટી જવાબદારીઓમાં નાખો છો મને, હવે પ્રયાણની ક્ષણોમાં?" કૃષ્ણથી પુછાઈ ગયું અને એ તેજ વેરતી અગ્નિશિખા સમી બે આંખો કૃષ્ણની સામે છલોછલ ભરાયેલા સરોવરની જેમ છલકાઈ રહી.

"શું હું ઊણી ઊતરી છું સહધર્મચારિણી તરીકે?" એક વહાલસોયો સૌમ્ય ચહેરો કૃષ્ણ સામે જોઈ રહ્યો હતો. કપિલાનો વેગવંતો પ્રવાહ કૃષ્ણની સામે વહી આવતો હતો અને સડસડાટ સમુદ્રને મળવા ઉતાવળો થઈને જઈ રહ્યો હતો. કૃષ્ણ નિરુત્તર હતા પ્રશ્ન સામે કપિલા ઉપર વહેતો રુક્મિણીનો ચહેરો કૃષ્ણની સામે ભીની આંખે જોઈ રહ્યો હતો... અને જાણે કેટલીય સદીઓની પ્રતીક્ષા પછી હજુય એ જ પ્રશ્ન લઈને કૃષ્ણને મૂંઝવી રહ્યો હતો.

"શા માટે? શા માટે આર્યપુત્ર? આટલો બધો ભાર... એકલા ઉપાડીને... શા માટે ચાલ્યા? મને તમારી સાથે ના આવવા દીધી તો કંઈ નહીં પણ તમારા માર્ગમાં ક્યાંક, ઘડીક જો થંભ્યા હોત મારે માટે તો..." રુક્મિણીની આંખોમાં ઉપાલંભ ઓછો અને વેદના વધુ હતી. "હું તમને ક્યારેય રોકત નહીં, તમારા માર્ગના કંટકો વીણી લેત, પુષ્પો પાથરી દેત, અંધારા માર્ગમાં સ્વયં દીપક થઈને પ્રજ્વલિત થઈ હોત હું સ્વયં, શા માટે પ્રભુ? શા માટે આ આકરી યાત્રા આમ એકલા કરતા રહ્યા? શું હું સહધર્મચારિણી તરીકે ઊણી ઊતરી છું?" આવી રિક્ત આંખો કૃષ્ણે પહેલાં ક્યારેય નહોતી જોઈ. કશુંક ખૂબ સૂકું, ખૂબ ખાલી અને તરડાયેલું રુક્મિણીની આંખોમાં જોતાં કૃષ્ણને અટકાવી રહ્યું.

"નાથ, ધર્મ, અર્થ અને કામના માર્ગ પર મેં તમારો હાથ પકડી રાખ્યો. હવે મોક્ષના માર્ગે એકલા જ જશો?" હજીય રુક્મિણી પૂછી રહી હતી અને કૃષ્ણ પત્નીના આ પ્રશ્ન સામે નિરુત્તર હતા.

કૃષ્ણના હૃદય પર જાણે ભાર વધી રહ્યો હતો. આ એ સ્ત્રીઓ હતી, જેમણે એમને બધું આપ્યું હતું. પોતાનું સ્વત્વ, પોતાનું તત્ત્વ અને પોતાનું વ્યક્તિત્વ. કૃષ્ણમાં ઓગાળીને જીવી હતી આ સ્ત્રીઓ અને આજે એમની આંખો કેમ આટલી સૂની, કેમ આટલી શૂન્ય હતી? શું પોતે એમને કશુંય નહોતા આપી શક્યા? કૃષ્ણનું મન ખૂબ ઉદાસ થઈ ગયું.

"તું જ્યારે જ્યારે ઉદાસ થાય, એકલો પડે, મૂંઝાય ત્યારે મારું સ્મરણ કરજે. આંખો મીંચી દેજે અને એક ઊંડો શ્વાસ લેજે... તું મને તારી આસપાસ અનુભવી શકીશ. આમ તો હું તારાથી જુદી પડતી જ નથી. તું જાય છે મને મૂકીને... પણ કા'ના, એક વાત સ્મરણમાં રાખજે. તારા એકાંતમાં, તારા એકલાપણામાં કે તારા મૂંઝારામાં એકમાત્ર નામ તારા સ્મરણમાં આવશે અને એ મારું હશે. તું ભલે મને પાછળ છોડીને જાય. હું તારી સાથે જ આવું છું. મને મૂકીને જવું તારે માટે શક્ય નથી. હું તારા પ્રાણમાં વસું છું કા'ના, જો શ્વાસ લે અને પાડ મારા નામની બૂમ... છું ને તારી બાજુમાં?"

સરસ્વતીનો પાંખો પ્રવાહ અને સ્વચ્છ નીરમાં બે આંખો તરવરતી હતી. પ્રતીક્ષારત, રિસાયેલી, કૃષ્ણમય, કૃષ્ણસમર્પિત આંખો... જાણે કહેતી હોય,

"હજીયે? હજીયે મારી વંચના કરીને એકલો જ જઈશ. મને આવવા દે સાથે. મારા વિના તારું વર્તુળ પૂરું નહીં થાય. હું તારી સમગ્ર કમનીયતા છું. હું તારું સંગીત છું, હું તારી છાયા છું. છાયાને છોડીને કાયા કેમ જશે, કૃષ્ણ?"